વર્ષ ૨૦૧૪-૧૫ માં ફેરફાર કરેલ અંદાજપત્ર
અન્વયે ઉચ્ચ પ્રાથમિક શાળા તથા માધ્યમિક
શાળાના વિધાર્થીઓને સાયકલ સહાય

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૪૨૦૧૪/૧૩૦૪/ક
સચિવાલય,ગાંધીનગર.
તારીખ-૨૫/૦૯/૨૦૧૪

<u>વંચાણમાં લીધા :-</u>

(૧) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા. ૭/૬/૧૪ નો પત્ર ક્રમાંક-પ્રાશિનિ/ચ-૧/નવી બાબત/૧૪-૧૫/૧૯૧૪-૧૫
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા.૧૭/૭/૧૪ નો પત્ર ક્રમાંક-પ્રાશિનિ/ચ-૧/નવી બાબત/૧૪-૧૫/૨૩૪૨

<u>ઠ રા વ :-</u>

રાજયમાં રાઇટ ટુ એજયુકેશન એકટનો અમલ થતાં ધોરણ-૧ થી ૫ એટલે નિમ્ન પ્રાથમિક શિક્ષણ અને ધોરણ-૬ થી ૮ એટલે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ એવા બે તબકકા પાડવામાં આવેલ છે જે શાળામાં માત્ર ધોરણ-૧ થી ૫ ની શિક્ષણ સુવિધા આપવામાં આવે છે અને જે ગામમાં ઉચ્ચ પ્રાથમિક શાળા ન હોય તેવી શાળાના ધોરણ-૫ પુર્ણ કરી ધોરણ-૬, ધો-૭ અને ધોરણ-૮ માં પ્રવેશ મેળવતા વિધાર્થીઓ ત્રણ કિલોમીટરના વિસ્તારની અન્ય ઉચ્ચ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવા જવા માટે વિધાર્થીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સના વિકલ્પે સાયકલની સુવિધા પુરી પાડવી જરુરી છે. એક સાયકલની કિંમત રુ.૩૫૦૦/- ની મર્યાદામાં સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન બિન આદિજાતિ વિસ્તારના વિધાર્થીઓને આવરી લેવાનું વિચારણામાં હતું આ હેતુ માટે ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે રુ. ૭,૦૦,૦૦,૦૦૦/- ની રકમની નવી બાબતની મંજુરી આપવામાં આવેલ છે.

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના સંદભ-૨ ના પત્રથી આ બજેટમાં થયેલ જોગવાઇની રકમનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષ માટે ઉકત રકમની ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

રાજયમાં શિક્ષણ અધિકાર કાયદાની જોગવાઇ અન્વયે અપર પ્રાયમરી સ્તરે ૩ કિ.મી.ના અંતરે વિધાર્થીઓને શાળા મળવી જોઇએ. તાજેતરમાં ધોરણ-૮ માં ભણતા દરેક વિધાર્થીઓને માધ્યમિક શાળામાં દાખલ કરવા માટે પ્રયત્ન કરવામાં આવેલ હતો. જે ગામમાં અપર પ્રાયમરી શાળા ૩ કિ.મી. થી દુર હોય અથવા અન્ય કોઇ ગામની અપર પ્રાયમરી શાળામાં જવું પડે છે તેમજ જે મહેસુલી ગામમાં હાલ સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક શાળા ન હોય તે ગામના વિધાર્થીઓને નજીકની સરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં ભણતર કરી શકે તે હેતુથી આ પ્રકારના વિધાર્થીઓને કોઇપણ આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય ચાલુ નાણાંકીય વર્ષથી સાયકલ સહાય આપવાનું નકકી કરવામાં આવેલ છે.

(૨) રાજયના બિન આદિજાતિ વિસ્તાર માટે ધોરણ-૬,૭,૮ અને જે ગામમાં માધ્યમિક શાળા ન હોય અને અન્ય ગામની શાળામાં અભ્યાસ માટે જતા હોય તેવા વિધાર્થીઓને ધોરણ-૯ માં પ્રવેશ મેળવ્યા બાદ આ યોજનામાં સમાવેશ કરીને સાયકલનો લાભ આપવામાં આવશે. આ યોજના હેઠળ આશરે ૩૦૪૨૪ વિધાર્થીઓ/વિધાર્થીનીઓને આવરી લેવાનો અંદાજ છે તે પૈકી ચાલુ વર્ષે બિન આદિજાતિ વિસ્તાર માટે રુ.

૭૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે અને આ યોજના માટે ઉકત રકમનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૩) આ નવી યોજના અન્વયે વિધાર્થીઓને સાયકલ પ્રાપ્ત કર્યા પછી શાળામાં એનરોલમેન્ટ વધે અને રાજયની શાળાઓમાં વિધાર્થીઓ તરફથી શિક્ષણ મેળવવામાં આવતા વર્ષોમાં વધારો કરવાનો છે આ માટે યોજનાના નીચેના ધારાધોરણો અનુસરવાના રહેશે.

**ધા રા ધો ર ણો :-**

(અ) પ્રસ્તાવિત યોજના હેઠળ રાજયમાં આવા તમામ કુમાર અને કન્યાઓને કોઇપણ જાતની આવક મર્યાદા સિવાય સાયકલ આપવામાં આવે

(૧) જે તે ગામની અંદર અપર-લોઅર પ્રાયમરી કે માધ્યમિક શાળા ન હોય, અથવા

(૨) શિક્ષણના અધિકાર કાયદા અને. રાષ્ટ્રિય માધ્યમિક શિક્ષા અભિયાનના ધારા-ધોરણ મુજબ કે ધોરણ-૮ ની સગવડ ન હોય તો આ ગામોમાં કુમાર-કન્યાઓને સાયકલ આપીએ તો બાજુના ગામમાં મોટી શાળા, વસાવી શકાય, વિધાર્થીઓને સાયકલ મળ. અને મોટી શાળા થવાને કારણે શિક્ષણની ગુણવત્તા પણ વધે.

**શ ર તો :-**

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણાં વિભાગની મંજુરી મેળવી લેવાને રહેશે.
(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરુરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.
(૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૭) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એ. બ્રહમભટ્ટ )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથ./ઉચ્ચ.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(પ્રા.શિ.), શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શાસનાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે તિજોરી અધિકારીશ્રી (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જી-સ્વાન પર મુકવા સારુ રવાના
- સિલેક્ટ ફાઇલ/ નાયબ સેકરન અધિકારી સિલેક્ટ ફાઇલ.

નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

સિલેક્ટ ફાઇલ.